# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-12-2025** **Evening : 7.00 to 7.10 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કોલકાતા ખાતેથી અમદાવાદને પ્રથમ સ્વદેશી રીતે નિર્મિત મેક ઇન ઈન્ડિયા” મેટ્રો ટ્રેનની ભેટ આપી
2. “ઓપરેશન મ્યુલ હન્ટ” હેઠળ કુલ એક હજાર 700 કરોડ રૂપિયાની છેતરપિંડીમાં 489 આરોપીની ધરપકડ
3. ગ્રાન્ટેડ શાળાઓમાં હવે વિદ્યાર્થીઓની હાજરી પ્રમાણે અનુદાન અપાશે
4. રાજ્યમાં સેક્સ સોર્ટેડ સીમેન દ્વારા પશુઓમાં કૃત્રિમ બીજદાનમાં પાંચ ગણો વધારો થયો
5. બે દિવસ બાદ રાજ્યના લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM MAKE IN INDIA METRO

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદને તેની પ્રથમ સ્વદેશી રીતે નિર્મિત મેક ઇન ઈન્ડિયા" મેટ્રો ટ્રેનની ભેટ આપી. કોલકાતા નજીક ટિટાગઢ રેલ સિસ્ટમના પ્લાન્ટ ખાતેથી અમદાવાદ મેટ્રો રેલ માટેના ડબ્બાઓનું લોન્ચિંગ કર્યું.

આ મેટ્રો ટ્રેન શહેરમાં રેલ વ્યવસ્થાની વધતી માંગ અને લોકપ્રિયતાને પહોંચી વળવા સાથે જાહેર પરિવહનને સુગમ બનાવશે. ઉચ્ચ ગુણવત્તાના સ્ટેનલેસ સ્ટીલથી બનેલી આ મેટ્રો ટ્રેન અમદાવાદની સંસ્કૃતિ અને પ્રતિબિંબિત કરે છે. શ્રી પટેલે અમદાવાદ મેટ્રો રેલ માટે સ્વીકારેલી પ્રથમ મેક ઇન ઈન્ડિયા મેટ્રો ટ્રેન અંતિમ પરીક્ષણો તથા સત્તાધિકારીઓ પાસેથી પ્રમાણ પત્ર મળ્યા બાદ થોડા જ દિવસમાં અમદાવાદ પહોંચાડવામાં આવશે.

----------

# SASHAKTA NARI MELO

આત્મનિર્ભર ભારત, મહિલા નેતૃત્વ વિકાસ અને સ્વદેશી સશક્તિકરણના સંકલ્પને સાકાર કરવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા સશક્ત નારી મેળાનું આયોજન કરાયું છે. તે અંતર્ગત નવસારી જિલ્લામાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે મેળાનું ઉદ્ઘાટન કર્યું, અન્ય રાજ્ય મંત્રીઓ સાથે વિવિધ સ્ટોલની મુલાકાત લીધી અને કેન્દ્રીય મંત્રીએ 'લોકલ ફોર વોકલ'નો પ્રચાર કર્યો.

(બાઇટ - સી.આર. પાટીલ, કેન્દ્રીય મંત્રી)

સુરતમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈએ ‘સશક્ત નારી મેળા’નું ઉદ્ઘાટન કર્યું હતું .આ પ્રસંગે નાણાંમંત્રી અને મહાનુભાવોના હસ્તે સફળ મહિલા કારીગરો, ઉત્કૃષ્ટ વેચાણ પ્રદર્શન કરનારા સ્વસહાય જૂથોના સંચાલિકા બહેનોને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

તાપી જિલ્લાના વ્યારા ખાતે જિલ્લા પ્રભારી મંત્રી નરેશ પટેલની અધ્યક્ષતામાં સશક્ત નારી મેળો યોજાયો મેળામાં વિવિધ હાથ બનાવટની વસ્તુઓ, વાનગીઓના સ્ટોલો લગાવવામાં આવ્યા છે.

----------

## OPERATION MULE HUNT

સાયબર ગુનેગારો સામે ગુજરાત પોલીસે શરૂ કરેલ “ઓપરેશન મ્યુલ હન્ટ” હેઠળ 534 ફરિયાદ નોંધી 489 આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું, પોલીસ તપાસમાં 3 હજાર 422 ગુનાનો પર્દાફાશ થયો છે. દરમિયાન કુલ એક હજાર 708 કરોડ રૂપિયાની છેતરપિંડીમાં 771 મ્યુલ અકાઉન્ટ સામે કાર્યવાહી કરવામાં આવી છે. આ ઓપરેશનના પરિણામે નાણાકીય ગુનાઓની તપાસ અને નિયંત્રણમાં ગુજરાત પોલીસને મહત્વપૂર્ણ સફળતા મળી છે.

----------

## BHARUCH CYBER FRAUD

ભરૂચ સાયબર ગુના પોલીસે એક  કરોડ રૂપિયાથી વધુની સાયબર છેતરપિંડી કરનાર ટુકડીને ઝડપી પાડી છે. આ મામલે પોલીસે સુરત અને જુનાગઢ જિલ્લામાંથી 4 આરોપીઓની ધરપકડ કરી છે. આ કેસમાં ફરિયાદીને સોશિયલ મીડિયા મારફતે સંપર્ક કરી બનાવટી ઓનલાઇન સ્ટોર પર ખાતું ખોલાવી ઓનલાઇન વસ્તુઓ વેચીને મોટો નફો કમાવાની લાલચ આપવામાં આવી હતી. આરોપીઓએ બેંકના ચાલુ ખાતા મારફતે કરોડો રૂપિયાનાં વ્યવહાર કર્યા હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

----------

## PANCHMAHAL-GOVIND GURU UNI

પંચમહાલની શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીનો ૭મો દિક્ષાંત સમારંભ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો.આ દિક્ષાંત સમારંભમાં વિવિધ શાખાઓના ૨૧ હજારથી વધુ વિદ્યાર્થીઓને ડિગ્રી તથા સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૧૪૦ જેટલા વિદ્યાર્થીઓને ડૉક્ટરેટની ડિગ્રી પણ એનાયત કરવામાં આવી હતી.

રાજ્યપાલશ્રીએ આઝાદી માં યોગદાન આપનાર સ્વાતંત્ર્ય સેનાની તથા સમાજ સુધારક શ્રી ગુરુ ગોવિંદને સ્મરણાંજલિ અર્પણ કરતાં જણાવ્યું  કે, શ્રી ગુરુ ગોવિંદે આદિવાસી સમાજમાં ચાલતા કુરિવાજો દૂર કરી સમાજ સુધારણાનું કાર્ય કરીને યુવાનો માટે પ્રેરણારૂપ કાર્ય કર્યું છે.આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ યુનિવર્સિટીના ડિજિટલ સ્ટુડિયોનું ઈ- લોકાર્પણ કર્યું હતું.

----------

## SCHOOL GRANT

સરકાર તરફથી અનુદાન મેળવતી શાળાઓમાં હવે વિદ્યાર્થીઓની હાજરી પ્રમાણે અનુદાન અપાશે. લઘુમતી શાળા સહિત ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓ અંગેના રાજ્ય સરકારના આ મહત્વના નિર્ણય અનુસાર વિદ્યાર્થીઓની હાજરી ઓછી હશે તો અનુદાનમાં કપાત કરાશે.

આ અંગે વિદ્યાર્થીઓની હાજરી પ્રમાણે અનુદાન કાપવાના વિસ્તૃત નિયમો જાહેર કરાયા છે. શિક્ષણ વિભાગે ગ્રામ્ય વિસ્તારો માટે 55 ટકા તો શહેરી વિસ્તારો માટે 80 ટકા હાજરી ફરજિયાત કરી છે. શહેરી વિસ્તારમાં 80 ટકા કરતા ઓછી હાજરી પ્રમાણે 25 ટકા અને 50 ટકા કરતા ઓછી હાજરીમાં 50 ટકા ગ્રાન્ટ કપાશે. હાજરી 60 ટકા કરતા ઓછી હશે તો સો ટકા ગ્રાન્ટ કપાશે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં 40 ટકા કરતા ઓછી હાજરીમાં સો ટકા અનુદાન કપાશે.

----------

## SIR 2026

રાજ્યમાં સતત દોઢ માસ ચાલેલી મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા-SIRની મુસદ્દા મતદાર યાદી ગઇકાલે પ્રસિદ્ધ થઈ,  જેમાં રાજ્યમાં કુલ 4 કરોડ 34 લાખ મતદારો નોંધાયા. 73 લાખ 73 હજાર મતદારોના નામ મુસદ્દા મતદારયાદીમાંથી કમી કરવામાં આવ્યાં છે ત્યારે જે મતદારો મતદાર યાદીમાં પોતાના નામ ઉમેરવા અથવા નામ બાકાત થવા સબંધી

વાંધા-દાવા રજૂ કરવા માંગતા હોય તેઓ 18 જાન્યુઆરી સુધી રજૂ કરી શકશે તેમ મુખ્ય ચૂંટણી અધિકારી હારિત શુક્લાએ જણાવ્યું.

(બાઇટ : હારિત શુક્લા, મુખ્ય ચૂંટણી અધિકારી)

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## BIJDAAN

રાજ્યમાં સેક્સ સોર્ટેડ સીમેન દ્વારા પશુઓમાં કૃત્રિમ બીજદાનમાં પાંચ ગણો વધારો થયો છે. સત્તાવાર યાદી અનુસાર સેક્સ સોર્ટેડ સીમેનના એક ડોઝ માટે શરૂઆતમાં પશુપાલકો પાસેથી 300 રૂપિયા સેવા ફી લેવામાં આવતી હતી. જોકે વર્ષ 2024માં રાજ્ય સરકારે આ સેવા ફીમાં 250 રૂપિયાનો ઘટાડો કરી માત્ર 50 રૂપિયા પ્રતિ ડોઝ ફી નિયત કરી હતી. જેના પરિણામે કૃત્રિમ બીજદાનમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો. વર્ષ 2024-

25માં એક લાખ 30 હજાર 925 પશુઓને તેમજ ચાલુ વર્ષે ઓક્ટોબર સુધીમાં એક લાખ 178 પશુઓને સેક્સ સોર્ટેડ સીમેનના ડોઝ અપાયા છે. આ પદ્ધતિના પરિણામે માદા બચ્ચાનો જન્મદર 94 ટકા સુધી પહોંચ્યો છે.

----------

## BAR ELECTIONS

ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશનના નવા પ્રમુખ તરીકે યતીન ઓઝા ચૂંટાયા છે. ચૂંટણીમાં યતીન ઓઝાને 946 મત મળ્યા હતા. યતીન ઓઝા સાથે પ્રમુખ પદના ઉમેદવાર વર્તમાન પ્રમુખ બ્રિજેશ ત્રિવેદી અને બાબુ માંગુકિયા હતા. મંડળના ઉપપ્રમુખ પદે પૃથ્વીરાજસિંહ જાડેજાની જીત થઈ છે. સચિવ પદે ભાવિક પંડ્યા, સંયુક્ત સચિવ પદે દર્શન દવે અને ખજાનચી પદે અમી પટેલ ચૂંટાયા છે.

બીજી તરફ રાજ્યના સૌથી મોટા વકીલ મંડળ અમદાવાદ ક્રિમીનલ કોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ તરીકે ઇશ્વર દેસાઈ ચૂંટાયા છે. હરીફ ઉમેદવાર હેમંત નવલખા સામે તેઓ 159 વોટથી જીત્યા હતા. વધુમાં અમદાવાદ શહેરમાં અમદાવાદ બાર એટલે કે સીટી સિવિલ અને સેશન્સ કોર્ટના બાર એસોસિએશનના પ્રમુખ તરીકે ફરી વખત જગત ચોકસી ચૂંટાયા છે.

ઉલ્લેખનીય છે, રાજ્યમાં 272 કરતા વધુ બાર એસોસિએશનની ચૂંટણી ગઇકાલે યોજાઈ હતી.

----------

## DWARKA VGRC

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા ખાતે વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ અંતર્ગત જિલ્લા સ્તરીય કાર્યક્રમનું આયોજન કરાયું. કાર્યક્રમમાં જિલ્લા ઔદ્યોગિક વિકાસને નવી દિશા આપવા મહત્વના નિર્ણય લેવાયા હતા. દરમિયાન 23 ઔદ્યોગિક એકમો સાથે અંદાજે 7 હજાર 146 કરોડ રૂપિયાથી વધુના સમજૂતી કરાર-MOU કરાયા હોવાનું જિલ્લા કલેક્ટર રાજેશ તન્નાએ જણાવ્યું.

(બાઇટ : રાજેશ તન્ના – જિલ્લા કલેક્ટર)

----------

## WEATHER

આગામી 48 કલાક સુધી રાજ્યના લઘુતમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. જોકે ત્યારબાદ રાજ્યના લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે.

બીજી તરફ છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં નોંધાયેલ તાપમાનની વાત કરવામાં આવે તો, 10 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન સાથે દાહોદ રાજ્યનું સૌથી ઠંડુ સ્થળ બન્યું છે. ત્યારબાદ ડાંગમાં 10.9 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું. અમરેલીમાં લઘુતમ તાપમાનનો પારો 12 ડિગ્રીએ અટક્યો હતો. જ્યારે અમદાવાદમાં 14.8 અને ગાંધીનગરમાં 14.6 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

----------